**પ્રધાનમંત્રીએ ગંગા તળાવની મુલાકાત લીધી (12 માર્ચ, 2025)**

12 માર્ચ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મોરેશિયસમાં પવિત્ર ગંગા તળાવની મુલાકાત લીધી હતી. તેમણે પવિત્ર સ્થળ પર પૂજા-અર્ચના કરી અને ત્રિવેણી સંગમમાંથી લાવેલ જળનું તેમાં વિસર્જન કર્યું.

2. પ્રધાનમંત્રી દ્વારા કુંભ મેળાના પવિત્ર જળને ગંગા તળાવ સુધી લાવવાની પહેલ બંને દેશો વચ્ચેની આધ્યાત્મિક એકતાને દર્શાવવાની સાથે-સાથે એ સમૃદ્ધ પરંપરાઓને સંરક્ષિત કરવાની અને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતાને દર્શાવે છે, જે બંને દેશોના પરસ્પર સાંસ્કૃતિક સંબંધોનો પાયો છે.

પોર્ટ લુઇ

12 માર્ચ 2025